| | |
|---|---|
| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| EDITION : | Ahmedabad |
| DATE : | 15/05/2022 |
| PAGE : | 4 |

# હસ્તકલા સાથે જોડાયેલી મહિલાઓને વાંસમાંથી ક્રિયેટિવ વસ્તુઓ બનાવતા શીખવવામાં આવ્યું

## EDIIએ પાંચ દિવસીય કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમ અંતર્ગત સિટીના હાથીજણ વિસ્તારમાં વાંસકામ કરતી મહિલાઓને તાલીમ આપી

**સિટી લાઈફ :** હાથીજણ વિસ્તારમાં વાંસકામ સાથે જોડાયેલા અને નાના નાના ટોપલા ટોપલીઓ બનાવીને પોતાનું ગુજરાન ચલાવતા હસ્તકલાના કારીગરો માટે દેવડી ગેરતપુર હાઈસ્કૂલ ખાતે EDII તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા હસ્તકલા કારીગર બહેનો માટે પાંચ દિવસનો પ્રોડક્ટ ડેવલપમેન્ટ વાંસકામ 'કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૨૫ બહેનોએ ભાગ લીધો છે જેઓ હાલમાં વાંસની વસ્તુઓ બનાવવાનું કામ કરી રહ્યા છે. EDII દ્વારા આ હસ્તકલાના કારીગરોને માર્કેટમાં હાલમાં ચાલતી ડિઝાઈન અને ગ્રાહકની



જરૂરિયાતની સમજ આપીને નવી નવી વસ્તુઓ બનાવતા શીખવવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત બહેનો પોતાની આવડતમાં સુધારો કરીને ફિનિશિંગવાળી વસ્તુઓ બનાવતા શીખ્યા હતાં.